For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

મજૂરા ગેટની ગાંધી એન્જિનિયરિંગ કોલેજ ખાતે સવારથી મત ગણતરી કરાશે

# SMCનાં નવા કોર્પોરેટરો કોણ? આજે ફેંસલો

**30** વોર્ડની 120 બેઠક માટેના 483 ઉમેદવારનાં ભાવિ EVMમાંથી ખૂલશે

**બપોર** સુધીમાં જ તમામ બેઠકોનાં પરિણામ આવી જવાની સંભાવના

**જિલ્લા** પંચાયત અને તાલુકા પંચાયતો માટે પણ આજે મત ગણતરી કરાશે

સુરતઃ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ અંતર્ગત સુરત જિલ્લામાં મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થયા બાદ હવે મતગણતરી માટે પ્રશાસન સંપૂર્ણ સજ્જ બન્યું છે. સુરત મહાનગરપાલિકા સહિત જિલ્લા અને તાલુકા પંચાયત તેમજ નગરપાલિકાઓના પરિણામો જાહેર થવાના હોવાથી પ્રશાસને તમામ

...અનુસંધાન પાના 5 પર



(તસવીર : સતીષ જાદવ)

## તાલીમબદ્ધ સ્ટાફ તૈનાત

મતગણતરી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે કડક પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. આ ઉપરાંત 10 ચૂંટણી અધિકારીઓના માર્ગદર્શન હેઠળ 2000થી વધુ અધિકારી-કર્મચારીઓને ફરજ સોંપવામાં આવી છે. તમામ કર્મચારીઓને પૂર્વ તાલીમ આપવામાં આવી હોવાનું પ્રશાસન દ્વારા જણાવાયું છે.

## જિલ્લાની ચાર નગરપાલિકાઓ માટે મત ગણતરીના કેન્દ્રો

**બારડોલી** - B.A.B.S. હાઈસ્કૂલ
**કડોદરા** - સ્વામિનારાયણ વિશ્વવિદ્યાપીઠ સંકુલ, પલસાણા
**માંડવી** - માંડવી હાઈસ્કૂલ, હીરાચંદ ભવન
**તરસાડી** - વી.એસ. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ

## જિલ્લા-તાલુકા પંચાયતની મતગણતરીનાં સ્થળ

| તાલુકો | મત ગણતરી સ્થળ |
|---|---|
| ચોર્યાસી | નવનિર્માણ વિદ્યાલય, ડી.સી.પટેલ નવનિર્માણ એજ્યુકેશન કેમ્પસ, ન્યુ સિટીલાઇટ રોડ, ભરથાણા વેસુ |
| ઓલપાડ | શ્રી પી. કે. દેસાઇ કેળવણી મંડળ ઓલપાડ સંચાલિત આર્ટસ્ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડ |
| કામરેજ | ભારતીય વિદ્યામંડળ સંચાલિત રામ કબીર શૈક્ષણિક સંકુલ |
| પલસાણા | મહાદેવ દેસાઈ શિક્ષણ સમાજ, સંચાલિત ડી.બી. હાઈસ્કૂલ પલસાણા |
| બારડોલી | અસ્તાન કન્યા વિદ્યાલય |
| મહુવા અને અંબિકા | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ કાછલ |
| માંડવી અને અરેઠ | બી.બી.અવિચળ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ માંડવી |
| માંગરોળ | એસ.પી.એમ મદ્રેસા હાઇસ્કૂલ કેમ્પસ |
| ઉમરપાડા | આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ |

ઓછા રાઉન્ડનું પરિણામ વહેલું જાહેર થશે

## સુરતમાં કુલ 504 ટેબલ પર 176 રાઉન્ડમાં મત ગણતરી

**સૌથી** પહેલું પરિણામ વોર્ડ 23 બમરોલી-ઉધના (ઉત્તર)નું જાહેર થશે

**વોર્ડ** નંબર 2 સરસાણા, લસકાણા, વોર્ડ 3 મોટા વરાછા-કઠોર અને અને 13 વાડી ફળિયા બેગમપુરાનું પરિણામ સૌથી છેલ્લે જાહેર થશે

સુરતઃ સુરત શહેરની સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી માટે મતગણતરીનું વિગતવાર આયોજન જાહેર થયું છે. સમગ્ર શહેરમાં કુલ ૫૦૪ ટેબલ પર ૧૭૬ રાઉન્ડમાં મતગણતરી હાથ ધરવામાં આવશે. વોર્ડવાર ટેબલ અને રાઉન્ડની ગોઠવણીને આધારે ક્યાં પરિણામ વહેલું આવશે અને ક્યાં મોડું તેનું ચિત્ર સ્પષ્ટ બન્યું છે.

માહિતી મુજબ વોર્ડ નં. 2, 7, 8, 10, 23, 30, 24, 25 અને 28માં 20 ટેબલ ગોઠવાયા છે. આ વોર્ડમાં રાઉન્ડ 3 થી 9 વચ્ચે છે.

...અનુસંધાન પાના 5 પર

| વોર્ડ નંબર | ટેબલની સંખ્યા | રાઉન્ડની સંખ્યા |
|---|---|---|
| 2 | 20 | 9 |
| 7 | 20 | 5 |
| 8 | 20 | 5 |
| 3 | 16 | 9 |
| 5 | 16 | 4 |
| 6 | 16 | 6 |
| 10 | 20 | 6 |
| 23 | 20 | 3 |
| 30 | 20 | 5 |
| 14 | 18 | 4 |
| 16 | 18 | 4 |
| 17 | 18 | 5 |
| 19 | 16 | 6 |
| 26 | 16 | 5 |
| 27 | 16 | 6 |
| 4 | 14 | 5 |
| 15 | 14 | 4 |
| 18 | 14 | 6 |
| 1 | 14 | 8 |
| 9 | 14 | 8 |
| 11 | 14 | 7 |
| 21 | 16 | 7 |
| 22 | 16 | 7 |
| 29 | 16 | 5 |
| 12 | 14 | 8 |
| 13 | 14 | 9 |
| 20 | 14 | 8 |
| 24 | 20 | 4 |
| 25 | 20 | 4 |
| 28 | 20 | 4 |

## સુરત મનપાની ચૂંટણીમાં 10 લાખ મતદારોએ મતદાન જ નહીં કર્યું

આંકડાઓ પ્રમાણે મતદાનમાં પુરુષો કરતાં મહિલાઓ વધુ ગેરહાજર રહી

સુરતઃ રવિવાર, તા. ૨૬ એ યોજાયેલી સુરત મહાનગરપાલિકા ચૂંટણીમાં એક તરફ મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી, તો બીજી તરફ મોટી સંખ્યામાં મતદારો મતદાનથી દૂર રહેતા ચિંતાજનક સ્થિતિ પણ સામે આવી છે. કુલ મતદારોની સંખ્યા સામે લગભગ ૧૦ લાખ જેટલા મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો નથી. સુરત શહેરમાં કુલ ૨૪.૭૬ લાખ મતદાર નોંધાયેલા હતા. જેમાંથી માત્ર ૧૪.૬૬ લાખ મતદારો મતદાન કરવા મતદાન મથક સુધી પહોંચ્યા હતા. આ પ્રમાણે લગભગ ૧૦ લાખ જેટલા મતદારો મતદાનમાં ભાગ ન લેતાં મતદાન ટકાવારી પર સીધી અસર જોવા મળી છે. મતદાન ન કરનારાઓમાં મહિલાઓની સંખ્યા પુરુષો કરતાં વધુ હોવાનું આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે. કુલ ગેરહાજર મતદારોમાં આશરે ૪.૮૬ લાખ પુરુષ મતદારો છે, જ્યારે મહિલાઓની સંખ્યા ૫.૨૩ લાખ સુધી પહોંચી છે. આ આંકડો દર્શાવે છે કે મહિલાઓમાં મતદાન પ્રત્યે હજુ વધુ જાગૃતિ લાવવાની જરૂરિયાત છે.





# વરાછામાં ધોળે દિવસે ગન પોઈન્ટ પર SBIમાંથી રૂ.52 લાખની લૂંટ

**ગ્રાહક** બની આવેલા લુંટારુએ કેશિયર સામે પિસ્તોલ તાંકી

**પાંચથી** વધુ લુંટારુ બેંકના કર્મચારીઓ, કેટલાક ગ્રાહકોને બંધક બનાવ્યા

**ગણતરીની** સેકન્ડોમાં લૂંટ ચલાવી ફરાર

### હથિયાર વગરનો વોચમેન બેંકમાં આંટા મારતો હતો

જ્યારે આ લૂંટારુઓ આવ્યા ત્યારે ત્યાં ફરજ બજાવતો સિક્યુરિટીમેન દરવાજે હાજર ન હતો પરંતુ તે બેંકમાં અંદર આંટાફેરા કરતો હતો. વળી, તેની પાસે હથિયાર ન હોવાથી તે પ્રતિકાર કરી શકે તેવી સ્થિતિ ન હતી. જેના કારણે લૂંટારુઓ લૂંટ કરવામાં સફળ રહ્યા

સુરતઃ વરાછામાં લંબે હનુમાન રોડ પર એફિલ ટાવરમાં આવેલી એસબીઆઈમાંથી ભરબપોરે એકથી બે વાગ્યાના સમયગાળામાં પાંચથી વધુ લૂંટારુએ પિસ્તોલ બતાવી બેંકના કર્મચારીઓને અને કેટલાક ગ્રાહકોને બંધક બનાવી ગણતરીની સેકન્ડોમાં રોકડા રૂ.52 લાખની લૂંટ ચલાવી ભાગી છૂટ્યા હતા. પોલીસે તાત્કાલિક અસરથી નાકાબંધી કરીને તેમજ સીસીટીવી ફુટેજના આધારે આરોપીને પકડી પાડવાનાં ચક્રો ગતિમાન કર્યાં છે. પોલીસની એક ટીમ આરોપીની નજીક પહોંચી ચૂકી હોવાનું જાણવા મળે છે.

આ ઘટનાનો વિડીયો જોવા માટે QR કોડ સ્કેન કરો

સોમવારે બપોરે એક વાગ્યાનો સમય હતો. આકરા તાપના કારણે બેંકમાં ગ્રાહકોની અવરજવર પ્રમાણમાં ઓછી હતી. બરોબર એ સમયે પાંચ યુવાન એસબીઆઈમાં પહોંચે છે. જેમાંથી એક દરવાજા પર ઊભો રહે છે અને ચાર ગ્રાહકના સ્વાંગમાં શાંતિથી અંદર પહોંચી ગયા. જેણે બેંકની સ્થિતિનો અભ્યાસ કર્યા બાદ તુરંત જ

...અનુસંધાન પાના 5 પર

# વૈશાખના આકરા તાપ વચ્ચે ચૈતર વસાવા સાથે લાફાવાળી

**ધારાસભ્ય** માત્ર રાજકીય રોટલા શેકવા અને પૈસા ઉઘરાવવા આવ્યા છે કહેતાં ચૈતર વસાવા અકળાયા, લાફો મારતાં પરિવારજને તેમને પણ લાફો માર્યો



ભરૂચઃ ઝઘડિયા GIDCમાં આવેલી મેટ્રોપોલિટન કંપનીમાં સર્જાયેલી ભીષણ આગની દુર્ઘટનાએ સોમવારે વિવાદાસ્પદ વળાંક લીધો છે. આ દુર્ઘટનામાં ગંભીર રીતે દાઝેલા 15 શ્રમિકો પૈકીના એક, રાકેશ વસાવાનું સુરતની યુનિવર્સલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું હતું. શ્રમિકના અવસાન બાદ હોસ્પિટલ અને કંપની પરિસરમાં શોક સાથે તંગદિલીનો માહોલ જોવા મળ્યો હતો.

આ ઘટનાનો વિડીયો જોવા માટે QR કોડ સ્કેન કરો

ઘટનાની ગંભીરતાને જોતાં ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા હોસ્પિટલ અને ત્યારબાદ કંપનીની મુલાકાતે પહોંચ્યા હતા,

...અનુસંધાન પાના 5 પર

### ચૈતર વસાવાનો આક્ષેપ: પોલીસે પીડિતો સામે ખોટા વિડીયો માટે બહારના લોકોને બેસાડ્યા

ધારાસભ્ય ચૈતર વસાવાએ ગંભીર આક્ષેપ કરતાં કહ્યું છે કે, પોલીસે અગાઉથી જ એવા લોકોને લાવીને બેસાડ્યા હતા, જેમનો પીડિત પરિવારો સાથે કોઈ સંબંધ નથી. તેમના મતે, આ લોકોના દ્વારા ખોટા વિડીયો બનાવીને પીડિતોને માત્ર પૈસા માંગનારા તરીકે ચીતરવવાનો

...અનુસંધાન પાના 5 પર

### ચૈતર વસાવાએ જાણીજોઈને વાટાઘાટો તોડી, રાજકીય રોટલા શેકવા આવ્યા: રોશન વસાવાનો આક્ષેપ

રોશન વસાવાએ ખુલાસો કરતા જણાવ્યું કે, તેઓ પોતાની બહેન અને પરિવાર સાથે કંપનીની મેનેજમેન્ટ અને પીએસઆઈની હાજરીમાં વાટાઘાટો કરવા ગયા હતા, જ્યાં કંપની તરફથી તેમને સારો પ્રતિસાદ મળ્યો હતો. કંપની મેનેજમેન્ટે પીડિત પરિવારને નીચેના બે વિકલ્પો આપ્યા હતા

...અનુસંધાન પાના 5 પર



## પ્રથમ ગ્રાસે મક્ષિકા: ચૂંટણી ટાણે લોલીપોપ એવી ડબલ ડેકર બસ વેડ દરવાજા પાસે ફસાઇ

**જ્યાં** ડબલ ડેકર બસ દોડવાની નથી ત્યાં અડાજણથી ગોતાલાવાડી તરફ ટ્રાયલ કરવા ગયેલી બસ સિગ્નલ પાસે ઊભી રહી ગઇ

**વૈકલ્પિક** રસ્તા પર વૃક્ષે માર્ગ રોક્યો, અંતે ડાળીઓ કાપી બસ બહાર કાઢી

સુરતઃ ચૂંટણીના માહોલ વચ્ચે મતદારોને આકર્ષવા માટે પાલિકા દ્વારા ડબલ ડેકર બસનો ટ્રાયલ રન મોટા ઉપાડે શરૂ કરવામાં આવ્યો હતો, તે પણ એવી જગ્યાએ જ્યાં ડબલ ડેકર બસ દોડવાની જ નથી. જો કે, અણઘડ આયોજનને કારણે આ ટ્રાયલ વિવાદમાં ફસાઇ છે. આજે સોમવારે બપોરે અંદાજે ૧૧ વાગ્યે ચંદ્રશેખર આઝાદ બ્રિજથી ગોટાળા વાડી તરફ જતાં ચાર રસ્તા પર આ બસ અચાનક અટકી ગઈ હતી.

માહિતી મુજબ, ટ્રાફિક સિગ્નલ પાસે વાહનચાલકોને ગરમીથી રાહત આપવા માટે બનાવવામાં આવેલો મંડપ બસની ઊંચાઇ કરતાં નીચો હતો. પરિણામે બસને સિગ્નલ પહેલાં જ ઊભી રાખવાની ફરજ પડી હતી. આ ઘટનાને કારણે બ્રિજના ઢલાંગ સુધી લાંબો ટ્રાફિક

...અનુસંધાન પાના 5 પર

# શહેરમાં અસહ્ય ગરમી વચ્ચે તાપમાન આશ્ચર્યજનક રીતે 6.5 ડિગ્રી ઘટ્યું

**દક્ષિણ**-પશ્ચિમ પવન અને ભેજના વધારાથી 'હીટ ઈન્ડેક્સ' ઊંચો રહ્યો, લોકો ગરમીથી અકળાયા

સુરતઃ સુરત શહેરમાં આજે અસહ્ય ગરમી અને ઉકળાટ વચ્ચે એક આશ્ચર્યજનક પરિસ્થિતિ જોવા મળી હતી. એક તરફ મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર 6.5 ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે બીજી તરફ ભેજના વધારાને કારણે લોકો ગરમીથી અકળાઈ ઉઠ્યા હતા.

હવામાન વિભાગના આંકડા મુજબ આજે મહત્તમ તાપમાન ૩૫.૧ ડિગ્રી સુધી પહોંચ્યું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન આશરે એક ડિગ્રી વધીને ૨૮ ડિગ્રી નોંધાયું હતું. વિશેષ વાત એ રહી કે હવામાં ભેજનું પ્રમાણ વધીને ૬૮ ટકા સુધી પહોંચતા "ઉકળાટ" વધુ અનુભૂતિ થયો હતો. ઉપરાંત, આજે ૧૨ કિમી પ્રતિ કલાકની ઝડપે દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન ફૂંકાતા હવામાનમાં બદલાવ આવ્યો હતો. ગઈકાલે શહેરમાં મહત્તમ તાપમાન ૪૧.૬ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું અને ઉત્તર દિશાનો સૂકો પવન ફૂંકાતો હોવાથી તાપમાન વધારે નોંધાયું હતું. પરંતુ આજે પવનની દિશામાં થયેલા ફેરફારથી સમુદ્ર તરફથી ભેજયુક્ત હવા શહેરમાં પ્રવેશી હતી. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, દક્ષિણ-પશ્ચિમ પવન અરબી સમુદ્ર તરફથી ભેજ લઈને આવે છે, જેના કારણે તાપમાનમાં ઘટાડો થાય છે પરંતુ ભેજ વધવાથી "હીટ ઈન્ડેક્સ" વધી જાય છે. આ સ્થિતિમાં શરીરને તાપમાન વધુ લાગતું હોવાથી લોકોને વધુ ગરમી અને ચેપચીપાટ અનુભવાય છે.

શહેરમાં દિવસ દરમિયાન ધૂપની

...અનુસંધાન પાના 5 પર

# સંદેશખાલીમાં સુરતના ભાજપ કાર્યકરો પર ચપ્પુથી હુમલો

**ગુજરાતથી** બંગાળ ગયેલા ભાજપ કાર્યકરોને ટીએમસીના કાર્યકરો દ્વારા નિશાન બનાવાતાં હોવાનો આક્ષેપ

સુરત : પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલા ચૂંટણી પ્રચાર દરમિયાન સંદેશખાલી વિસ્તારમાં સુરતથી ગયેલા ભાજપના કાર્યકર પર હુમલો થયાની ઘટના સામે આવી છે. હુમલામાં સુરતના જયભાઈ ડાંગર નામના કાર્યકરને ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, પ્રચાર દરમિયાન પહેલા તેમની ગાડી પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ એક ટપોરી જેવા લાગતા વ્યક્તિએ જયભાઈ ડાંગર પર ચપ્પુથી હુમલો કર્યો હતો, જેના કારણે તેઓ ઈજાગ્રસ્ત બન્યા હતા. ઘટનાને પગલે વિસ્તારમાં તણાવનો માહોલ સર્જાયો હતો. એક તરફ પશ્ચિમ બંગાળમાં ભાજપ અને મુખ્યમંત્રી મમતા બેનરજીની પાર્ટી વચ્ચે ખરાખરીનો રાજકીય જંગ જામ્યો છે, ત્યારે જયભાઈએ સોશીયલ મીડીયામાં વિડિયો મુકીને આક્ષેપ કર્યો હતો કે ટીએમસીના કાર્યકરો ખાસ કરીને ગુજરાતથી પ્રચાર માટે બંગાળ જતા ભાજપના કાર્યકરોને ટાર્ગેટ બનાવી હુમલા કરી રહ્યા છે.

જયભાઈ ડાંગરે ઈજાગ્રસ્ત હાલતમાં સોશિયલ મીડિયા પર વીડિયો જાહેર કરી સમગ્ર ઘટનાની જાણકારી આપી હતી અને હુમલા પાછળ ટીએમસીના કાર્યકરોનો હાથ હોવાનું જણાવ્યું હતું. ઘટનાને લઈને રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે.






**ક્ષત્રિય દુઃખદ અવસાન- બેસણું**

દિલગીરી સહ જણાવવાનું કે મારા પતિશ્રી / પિતાશ્રી સ્વ. રમેશચંદ્ર ચીમનલાલ રોટલીવાલાનું તા. ૨૭-૦૪-૨૦૨૬ને સોમવારના રોજ દેવલોક પામ્યાં છે.
પ્રભુ એમની આત્માને શાશ્વત શાંતિ અર્પે એવી પ્રાર્થના..
સદ્ગતનું બેસણું :- તા. ૨૮-૦૪-૨૦૨૬ ને મંગળવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે રાખેલ છે.
બેસણાનું સ્થળ:- ઘમણવાલા એ.સી.હોલ, સીંગાપુરીની વાડી, રૂસ્તમપુરા, સુરત.

સ્વ. રમેશચંદ્ર ચીમનલાલ રોટલીવાલા
સ્વ. તા. ૨૭-૦૪-૨૦૨૬
તિથિ- વૈશાખ સુદ અગિયારસ

લિ. ગં.સ્વ. શારદાબેન રમેશચંદ્ર રોટલીવાલા (પત્ની)
ધનેશ રમેશચંદ્ર રોટલીવાલા (પુત્ર)
પલ્લવી ધનેશ રોટલીવાલા (પુત્રવધુ)
અમિ મયુરભાઈ શાહ (પુત્રી- જમાઈ)
જયશ્રી દેવેન વખારિયા (પુત્રી- જમાઈ)
નિશાંત - નૂપુર (પૌત્ર- પૌત્રવધુ)
નિશિત - હેમાંગી (પૌત્ર- પૌત્રવધુ)
દ્વિતી- હવિકા- હિવા (પ.પૌત્રી)
તથા સમસ્ત રોટલીવાલા પરિવાર

**અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ 3000/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

REMEMBERING



MY DEAREST PAPPA
DR. SAM
SAROSH BHACCA

**પાંચમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



સ્વ. યોગેશભાઈ ઈશ્વરભાઈ ભાજીવાલા

જન્મ તા. ૨૩/૦૪/૧૯૮૧
સ્વ. તા. ૨૮/૦૪/૨૦૨૧
ચૈત્ર વદ એકમ ને બુધવાર

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી. પરિશ્રમ જેનું કર્તવ્ય હતું. પરમાર્થ જેની ભક્તિ હતી. ધર્મ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચૂક્યા નહીં, પરિવાર માટે ફૂલો પાથરી ગયા, એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એજ પ્રાર્થના અમારી.

લિ. ગં.સ્વ. રીનાબેન યોગેશભાઈ ભાજીવાલા

| | |
|---|---|
| સ્વ. લક્ષ્મણભાઈ ભાણાભાઈ ભાજીવાલા | ગં.સ્વ. રતુબેન લક્ષ્મણભાઈ ભાજીવાલા |
| ઈશ્વરભાઈ લક્ષ્મણભાઈ ભાજીવાલા | કલ્પનાબેન ઈશ્વરભાઈ ભાજીવાલા |
| ફરસુરામ લક્ષ્મણભાઈ ભાજીવાલા | હેમુબેન ફરસુરામ ભાજીવાલા |
| રાજુભાઈ લક્ષ્મણભાઈ ભાજીવાલા | જયશ્રીબેન રાજુભાઈ ભાજીવાલા |
| ધર્મેશભાઈ ફરસુરામ ભાજીવાલા | ભાવીસાબેન ધર્મેશભાઈ ભાજીવાલા |
| નિમેષભાઈ ઈશ્વરભાઈ ભાજીવાલા | નિલમબેન નિમેષભાઈ ભાજીવાલા |
| જયનેશભાઈ ઈશ્વરભાઈ ભાજીવાલા | નિરાલીબેન જયનેશભાઈ ભાજીવાલા |
| સ્વ. ડેવિડભાઈ રાજુભાઈ ભાજીવાલા | ગં.સ્વ. હેતલબેન ડેવિડભાઈ ભાજીવાલા |

દિવ્ય, જીત, હેલ્સ, હેરીન, નેત્ર, શિવ, આર્ચી, મિત્સી, દ્રષ્ટી, નિયતી
પોપટ મોહલ્લો, વેસુ ગામ, સુરત.

**સુરતી મોઢવણિક અવસાન**



અ.સૌ. સ્વ. ખુશમનબેન જયંતિભાઈ લાપસીવાલા
નિવૃત કેન્દ્રાચાર્ય સુરત મહાનગર પાલીકા શિક્ષણ સમિતિ
સ્વ. તા. ૨૭.૦૪.૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા ધર્મપત્ની ખુશમનબેન જયંતિભાઈ લાપસીવાલાનું તા.૨૭-૦૪-૨૦૨૬ને સોમવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
પરમ કૃપાળુ પરમાત્મા દિવ્ય આત્માને શાંતિ પ્રદાન કરે એવી પ્રભુ ચરણમાં પ્રાર્થના.
સદ્ગતનું બેસણું તા. ૨૮-૦૪-૨૦૨૬ને મંગળવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે BPAH હોલ, પાંજરાપોળ, ઘોડદોડ રોડ, સુરત મુકામે રાખેલ છે.

લિ.
જયંતિભાઈ ચીમનલાલ લાપસીવાલા
રિતેશ જયંતિભાઈ લાપસીવાલા - જીગ્ના રિતેશ લાપસીવાલા
રીના મનીષ ડોકટર (પુત્રી) - મનીષ એમ. ડોકટર (જમાઈ)
રીષીત, જલ લાપસીવાલા - હરીશ્રી, મૌલી ડોકટર
સ્વ. ચીમનલાલ હરકીશનદાસ લાપસીવાલા પરિવાર
અમરોલી - રિલાયન્સ ગેસ સેન્ટર
૯૮૭૯૮ ૬૭૫૫૫ / ૯૮૭૯૦ ૮૫૪૪૫